Navgujarat Samay

EDII

July 14, 2023
Pg.7

# હસ્તકલા સેતુઃ 30365 ગ્રામીણ કારીગરોએ ટેકનોલોજીની મદદથી ગ્લોબલ પ્લેટફોર્મ મેળવ્યું

## હસ્તકલાને પુનઃજીવિત કરવાના હેતુથી રાજ્ય સરકાર અને EDII દ્વારા સંયુક્ત પ્રયાસ

**નવગુજરાત સમય** > ગાંધીનગર




ગુજરાત રાજ્યની પરંપરાગત હસ્તકલાને પુનઃજીવિત કરવાના હેતુથી શરૂ કરાયેલા હસ્તકલા સેતુ પ્રોજેક્ટે ૩૦૩૬૫ ગ્રામીણ કલાકારોને માટે રોજગારી અને આવકની તકો વધારવામાં સફળતા મેળવી છે. ગ્રામીણ કારીગરોના કૌશલ્યને ટેકનોલોજીની મદદથી ગ્લોબલ પ્લેટફોર્મ પર રજૂ કરવાના હેતુથી સપ્ટેમ્બર ૨૦૨૦માં ૬ જિલ્લાઓ સાથે આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. હસ્તકલા સેતુ સાથે રાજ્યના તમામ 33 જિલ્લાઓના કારીગરો સંકળાયેલા છે.

ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનરેટ (CCRI) દ્વારા શરૂ કરાયેલ અને સમર્થિત તથા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા પ્રોજેક્ટ હસ્તકલા સેતુને SKOCH એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની શ્રેણી હેઠળ ગોલ્ડ મેડલ જીત્યો છે.

કૌશલ્ય અને જ્ઞાનના આધારે હસ્તકલા અને હેન્ડલૂમ કારીગરોની પરિસ્થિતિઓને બદલવાના પ્રયાસ અંતર્ગત અત્યાર સુધી ૩૦૩૬૫ કારીગરોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે, આ કારીગરોએ રૂ. 28.85 કરોડની આવક મેળવી છે. ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાના જણાવ્યા અનુસાર, "ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયા વૈશ્વિક સ્તરે બિઝનેસ લેન્ડસ્કેપને સંપૂર્ણપણે બદલી રહ્યા છે. ગ્રામીણ કારીગરો આ ફેરફારો સાથે ગતિ જાળવી રાખે તે મહત્વનું છે. હસ્તકલા યોજના હેઠળ તેમની કુશળતા અને જ્ઞાન વધારીને નવા બજારો સુધી પહોંચી શકાય છે."